# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 24-03-2025 DAY: MONDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂં** વાંચે છે.

---

## સાંસદોનો પગારમાં વધારો

**કેન્દ્ર સરકારે સંસદના વર્તમાન અને ભૂતપૂર્વ સભ્યોના પગાર, દૈનિક ભથ્થા અને પેન્શનમાં વધારો કરવાની જાહેરાત કરી છે. સંસદ સભ્યોનો માસિક પગાર 1 લાખ રૂપિયાથી વધારીને 1 લાખ 24 હજાર રૂપિયા કરવામાં આવ્યો છે. દૈનિક ભથ્થું 2,000 રૂપિયાથી વધારીને 2,500 રૂપિયા અને માસિક પેન્શન 25,000 રૂપિયાથી વધારીને 31,000 રૂપિયા કરવામાં આવ્યું છે. આ વધારો 1 એપ્રિલ, 2023થી અમલમાં આવશે.**

**-------------------------------------------------------------------------------------**

## ડુંગળી પરની નિકાસ ડ્યુટી નાબુદ

**કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે કેન્દ્ર સરકારે ડુંગળી પરની 20 ટકા નિકાસ ડ્યુટી નાબૂદ કરી છે. આજે નવી દિલ્હીમાં શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે ડુંગળી પરની નિકાસ ડ્યુટી નાબૂદ કરવાથી ખેડૂતોના ઉત્પાદનને વૈશ્વિક બજારોમાં ડ્યુટી મુક્ત પહોંચાડવામાં મદદ મળશે અને તેઓ ઊંચા ભાવ મેળવી શકશે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર ખેડૂત-મૈત્રીપૂર્ણ સરકાર છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે ખેડૂતોને નફાકારક ભાવ આપવા એ સરકારની પ્રાથમિકતા છે.**

**-------------------------------------------------------------------------------------**

## આસામ રાઇફલ્સ શૌર્ય યાત્રા

**આસામ રાઇફલ્સના શૌર્ય અને વારસાની સ્મૃતિમાં યોજાયેલી ઐતિહાસિક મોટરસાઇકલ રેલી 'શૌર્ય યાત્રા' આજે કચ્છના રણમાં ભવ્ય ફ્લેગ ઇન સમારોહ સાથે સંપન્ન થઈ હતી. આસામ રાઇફલ્સના 190 વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલી આ યાત્રાનો પ્રારંભ 10 માર્ચે અરુણાચલ પ્રદેશના વિજયનગરથી થયો હતો.**

15 દિવસની આ યાત્રા દરમિયાન આર્મી, એરફોર્સ અને બીએસએફના 12 જેટલા બાઇક સવારોએ 9 રાજ્યોમાં 4,000 કિલોમીટરથી વધુનું અંતર કાપ્યું હતું. યાત્રા વિજયનગરથી શરૂ થઈ જયરામપુર, જોરહાટ, દીમાપુર, ગુવાહાટી, સિલીગુડી, પટણા, વારાણસી, ગ્વાલિયર, ઉદયપુર અને અમદાવાદ થઈને ભુજ પહોંચી હતી. યાત્રા દરમિયાન રેલીએ પાંચ શાળાઓની મુલાકાત લીધી અને 3,000થી વધુ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. રેલી દરમિયાન 400થી વધુ સેવાનિવૃત્ત સૈનિકોનું સન્માન કરવામાં આવ્યું હતું. દરેક સ્થળે સ્થાનિક સમુદાયો દ્વારા રેલીનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## અમદાવાદ – મુબઈ ટ્રેન સેવાને અસર

અમદાવાદમાં બૂલેટ ટ્રેન પરિયોજનાની કામગીરી દરમિયાન લૉન્ચિંગ ગડર ક્રેન ધરાશાયી થતાં અમદાવાદ અને મુંબઈ વચ્ચે મોટા ભાગની ટ્રેનને અસર થઈ છે. આ દુર્ઘટનામાં બે લોકોના ઈજા થયાના પણ અહેવાલ છે. અમદાવાદ આવતી અનેક ટ્રેનને વડોદરા તરફ વાળવામાં આવી છે. એટલે, અમદાવાદ ઉતરનારા યાત્રીઓએ વડોદરા, નડિઆદ અને આણંદ ઉતરવું પડશે. અગાઉ વડોદરાથી અમદાવાદ તરફ જતી સયાજીનગરી, એકતાનગર- અમદાવાદ સહિતની 10 ટ્રેનને રાત્રે જ વિવિધ સ્ટેશનો પર અટકાવી દેવાઈ હતી. હાલ અપલાઈન ચાલુ રાખવામાં આવી છે અને ડાઉન લાઇન બંધ છે, જેથી મુંબઈ તરફ અવરજવર કરતી ટ્રેનોને રદ કરવી પડી છે. ટ્રેનનંબર 22904 ભુજ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ભુજથી સાંજે 4.10 વાગ્યાની જગ્યાએ રાતે 8.05 વાગ્યે ઊપડશે.

---------------------------------------------------------------------------------

## રાપર થી ભુજની નવી બસ સેવા

કચ્છના પ્રવાસન સ્થળોને જોડતી નવી એસટી બસ સેવાનો આજથી પ્રારંભ થયો છે. રાપર એસટી ડેપો દ્વારા વિશ્વ ધરોહર સાઇટ ધોળાવીરા અને પ્રસિદ્ધ રોડ ટુ હવેન માર્ગે માર્ગે ખાવડા થઈ ભુજ સુધીની બસ સેવા શરૂ કરવામાં આવી છે.

બસ રાપરથી બપોરે 1 વાગ્યે નીકળશે અને સાંજે 7 વાગ્યે ભુજ પહોંચશે. આ રૂટમાં બાલાસર, ધોળાવીરા, રોડ ટુ હેવન અને ખાવડાનો સમાવેશ થાય છે. આ બસ સેવાનો લાભ પ્રવાસીઓ તેમજ ખાવડા અને ખડીરના સ્થાનિક રહેવાસીઓને મળશે. આ નવી બસથી પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી વધશે અને સ્થાનિક લોકોને પણ સરળ પરિવહનની સુવિધા મળશે.

---------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં ગઇકાલથી શરૂ થયેલો ગરમીનો દોર આજે પણ યાથવત રહ્યો છે. તાપના પ્રભાવ વચ્ચે હવામાન વિભાગે **30** અને **31** માર્ચના કચ્છ સહિત રાજ્યમાં કમોસમી વરસાદ વરસાવાની શક્યતા વ્યક્ત કરી છે. હવમાન વીભાગે પશ્ચિમી વિક્ષોભની અસર તળે કચ્છના કેટલાક સ્થળોએ વરસાદ થવાની સંભાવના દેખાડી છે. હજુ ત્રણ દિવસ ગરમીનો પ્રભાવત યાથવત રહેશે અને ત્યાર પછી મહતતમ તાપમાનમા ફરી સામાન્ય ઘટાડો થશે. **26** માર્ચ પછી રાજ્યના વાતારવણમાં પલટો આવી શકે છે અને વાતાવરણ વાદળછાયુ બની શકે છે.

---

## ક્ષય રોગ દિવસ

આજે ક્ષય રોગ દિવસ છે. જિલ્લા ક્ષયરોગ નિવારણ કચેરીના આંકડા અનુસાર વર્ષ 2024 દરમિયાન જિલ્લામાં 3 હજાર 371 કેસ ક્ષયરોગના નોંધાયા હતા. જે પૈકી 2 હજાર 115 પુરુષ તથા 1 હજાર 256 સ્ત્રી રોગગ્રસ્ત થયા હતા. જિલ્લામાં ક્ષયરોગથી સાજા થવાનો દર 80 ટકાથી વધી 91 ટકા પહોંચ્યો છે. જ્યારે આ રોગથી મૃત્યુનું પ્રમાણ ત્રણ ટકા જેટલું છે. હાલે જિલ્લામાં 1 હજાર 654 દર્દીની ટીબીની સારવાર ચાલુ છે. રોગના લક્ષણોને ન અવગણતાં ઝડપી નિદાન થકી યોગ્ય સારવારથી ટીબીનો ફેલાવો અટકાવી શકાય છે.

---

## દીવના કિલ્લમાં ફરવા ચાર્જે

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના કિલ્લામાં ફરવા માટે પર્યટકોએ ચાર્જ ચૂકવવો પડશે. 15 વર્ષથી ઓછી વયના બાળકોએ 75 રૂપિયા, 15 વર્ષથી વધુ વયના એ 100 રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે વિદેશી પર્યટકો 200 રૂપિયા ચૂકવી કિલ્લામાં ફરી શકશે. ઉલ્લેખનીય છે કે દીવના આ કિલ્લામાં ફરવા તથા પોર્ટુગલ શાસન દરમિયાનની અનેક સ્મૃતિઓ લોકો નિ:શુલ્ક નિહાળી રહ્યા હતા. હવે આગામી સોમવારથી ચાર્જ ચૂકવી કિલ્લામાં ફરી શકાશે.

---